ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોલીસી/ પોસ્ટ
વિતરણ/પોલીસી/ ૧૩
જીઆઇડીસી,વડી કચેરી,
ગાંધીનગર.
તા.૧૯ /૦૬/૨૦૨૦

## // પરિપત્ર //

વિષય:- ચાલુ નાણાંકીય વર્ષ માટે જીઆઇડીસીના ફાળવણીદારોને મિલકતનો વપરાશ શરૂ કરવા માટે મોરેટોરિયમ પીરીયડ એક વર્ષ વધારવા બાબત.

સંદર્ભ:-
૧. ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:અપબ /૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦.
૨. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ / પોલીસી/ ૩૬, તા. ૨૮/૦૪/૨૦૧૬.
૩. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ / પોલીસી/ ૩૭, તા. ૨૭/૧૨/૨૦૧૮.

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ ને રાજયમાં વધુ ફેલાતી અટકાવવા માટે સમગ્ર રાજયમાં બે માસ લોકડાઉન કરવામાં આવેલ. જેને લીધે કોરોનાનો ફેલાવો અન્ય વિકસીત દેશની સરખામણીમાં ઘણો ઓછો થયો છે. પરંતુ લોકડાઉનના કારણે રાજયની અર્થ વ્યવસ્થા ઉપર વિતરીત અસર થયેલ છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ગુજરાતની આર્થિક પ્રગતિનો વેગ ધીમો ન પડે અને રાજયના વિકાસની ગતિ જળવાઇ રહે તે માટે ગુજરાત સરકાર, નાણાં વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦ થી કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુન: વેગવંતુ કરવા ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેના ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતાના મુદ્દા નં. ૧૧ માં ઠરાવેલ છે કે, “ જીઆઇડીસી દ્વારા ઉદ્યોગકારોને પ્લોટનો વપરાશ શરૂ કરવા ૩ થી ૪ વર્ષનો સમયગાળો આપવામાં આવે છે. જો સદર મોરેટોરિયમ પીરીયડ દરમ્યાન કોઇ કારણસર મિલકતનો ઉપયોગ કરવામાં આવેલ ન હોય તો ઉદ્યોગકાર દ્વારા મિલકતના વપરાશની સમય-મર્યાદા વધારી આપવા જીઆઇડીસીને રજૂઆત કરવામાં આવે છે. આ પ્રકારના કિસ્સાઓમાં જીઆઇડીસી મોરેટોરિયમ પીરીયડ ૧ થી ૨ વર્ષ વણવપરાશી દંડની રકમ વસુલ લઇ વધારી આપે છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જીઆઇડીસી આ પ્રકારની તમામ મિલકતોનો વપરાશ શરૂ કરવા માટે મોરેટોરિયમ પીરીયડ ૧ વર્ષ વધારી આપવામાં આવશે.” નિગમ દ્વારા ફાળવવામાં આવતી મિલકતોનો ઉપયોગ કરવા સારુ ચોકકસ સમય-મર્યાદા આપવામાં આવે છે. નાણાં વિભાગના સંદર્ભિત-૧ ઠરાવ અન્વયે, નિગમ દ્વારા ઠરાવ ક્રમાંક:૨૬

સરકયુલેટીંગ પસાર કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે મુજબની જોગવાઇ અમલમાં મુકવામાં આવે છે.

(૧) સદર નીતિ તમામ પ્રકારની મિલકતોના કિસ્સામાં લાગુ પડશે.

(૨) નિગમની ફાળવણીની નીતિ અનુસાર જે ફાળવણી અંગે ચાલુ નાણાંકીય વર્ષમાં મિલકતોનો વપરાશ શરૂ કરવાનો થતો હોય તેવી તમામ મિલકતોના વપરાશ શરૂ કરવા માટે મોરેટોરિયમ પીરીયડ ૧ વર્ષ વધારી આપવામાં આવશે. જે હેઠળ વણવપરાશી દંડની રકમ વસુલ લેવાની રહેશે નહી.

(3) જે કિસ્સામાં અગાઉ વણવપરાશી દંડની રકમ ભરપાઇ થઇ થયેલ હોય તેવા કિસ્સા પુન: ખોલવાના રહેશે નહી.

-સહી-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.
(3) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)